# ઑન્ટેરિયોનો એક્શન પ્લાન: સુરક્ષા, સહાય, પુનરુત્થાન (Ontario’s Action Plan: Protect, Support, Recover)

## *અગ્રહરોળની આરોગ્ય સેવા મજબૂત કરવા, લોકોને અને નિયોક્તાઓને મદદ કરવા અને ઑન્ટેરિયોના પુનરુત્થાનને આધાર આપવા 2020 Budget (2020નું બજેટ )વધુ સંસાધનો પૂરા પાડે છે*

*આજે, નાણાં પ્રધાન રોડ ફિલિપ્સે ઑન્ટેરિયોનો એક્શન પ્લાન રજૂ કર્યો: સુરક્ષા, સહાય, પુનરુત્થાન*-COVID-19 ના ગંભીર સ્વાસ્થ્ય અને આર્થિક પ્રભાવોને પ્રતિસાદ આપવા સર્વગ્રાહી કાર્યયોજનાનો આગલો તબક્કો. લોકોને બચાવવાનું ચાલુ રાખવા માટે જરૂરી આરોગ્ય સંસાધનો ઉપલબ્ધ કરાવવા, વાયરસથી અસરગ્રસ્ત વ્યક્તિઓ, પરિવારો તથા રોજગાર નિર્માતાઓને મદદ કરવા માટે જટિલ કાર્યક્રમો અને વેરાના ઉપાયો પહોંચાડવા તેમજ પ્રાંત માટે લાંબાગાળાના મજબૂત આર્થિક પુનરુત્થાનનો પાયો નાખવા ઑન્ટેરિયોનો એક્શન પ્લાન હવે ત્રણ વર્ષમાં કુલ 45 બિલિયન ડૉલર ફાળવે છે.

## સુરક્ષા

એકંદરે, ઑન્ટેરિયોનો COVID-19 સામે આરોગ્ય પ્રતિસાદ જ હવે અંદાજિત 15.2 બિલિયન ડૉલર છે. વૈશ્વિક મહામારી સામેની લડત માટે ઊભી થનારી આવશ્યકતાઓને પ્રાંત સતતપણે પહોંચી શકે તે સુનિશ્ચિત કરવા 2021-22માં સરકાર 4 બિલિયન ડૉલર અને 2022-23માં 2 બિલિયન ડૉલર ઉપલબ્ધ કરાવી રહી છે. આરોગ્ય, લાંબાગાળાની સ્વાસ્થ્યસેવા અને શિક્ષણ પરત્વે પ્રાંતની શિયાળુ તત્પરતા યોજના *(Province’s Fall Preparedness Plan for Health, Long-Term Care and Education)* જે- COVID-19 ના બીજા ઉછાળાને પહોંચી વળવા દેશની સૌથી વ્યાપક અને મજબૂત યોજના છે તેને ટેકો આપવા 2020-21 ના ખર્ચમાં 2.8 બિલિયન ડૉલરનો સમાવેશ થાય છે. તેમાં હોસ્પિટલની પથારીઓ પુરી પાડવા, બાકી રહેલી સર્જરીઓનો ભરાવો ઘટાડવા અને વધારાની ઈન્ફ્લ્યુએન્ઝા રસી ખરીદવામાં સહાયરૂપ થવા વધારાના ભંડોળનો પણ સમાવેશ છે.

ઑન્ટેરિયોની હોસ્પિટલોમાં પરીક્ષણ, મૂલ્યાંકન કેન્દ્રો, પ્રયોગશાળા તથા તબીબી ઉપકરણો અને પી.પી.ઈ. જેવા- COVID-19 ના વધારાના ખર્ચાઓને પહોંચી વળવા પણ સરકાર વધારાના 572 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહી છે. તે હોસ્પિટલો માટે ગયા વર્ષે જેટલું ભંડોળ ફાળવાયુ હતું એનાથી પણ ઉપર અને અલગ 2.5 બિલિયન ડૉલરનું કુલ ભંડોળ લઈ આવે છે. નવું અને વિસ્તૃત હોસ્પિટલ માળખું ઊભું કરવા અને તાત્કાલિક સુધારાઓ હાથ પર લેવા, સમારકામ અને જાળવણી સહિત સમગ્ર ઑન્ટેરિયોમાં હોસ્પિટલોનું આધુનિકીકરણ કરવામાં સહાય કરવા પ્રાંત 10 વર્ષના ગાળામાં 18 બિલિયન ડૉલરથી વધુનું મૂડી અનુદાનમાં રોકાણ કરી રહ્યો છે.

લાંબાગાળાની સારવાર લેતાં પ્રિયજનોને COVID-19 ના બીજા ઊથલાથી બચાવવા, તથા લાંબા સમયથી ચાલી આવતા વ્યવસ્થાગત પ્રશ્નો હાથ પર લેવા, ચેપ નિવારણ અને તેના પર નિયંત્રણ વધુ સારી રીતે કરવા, વધુ વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (personal protective equipment - PPE) ની ખરીદીની મંજૂરી આપવા, તથા મજબૂત આરોગ્યસેવા માટે કર્મચારીઓનું સંખ્યાબળ વધારવા જરૂરી નવીનીકરણ અને પગલાંઓ લાગુ કરવા ઑન્ટેરિયો પ્રાંત અડધા બિલિયન ડૉલરથી વધુ પૂરા પાડી રહ્યો છે. ઑન્ટેરિયોનું લાંબાગાળાની સેવા COVID-19 આયોગ (Long-Term Care COVID-19 Commission) તેની સમીક્ષા હજુ પૂરી કરી રહ્યું છે, ત્યારે સરકાર ઑન્ટેરિયોના સૌથી નિર્બળ લોકોની સુરક્ષા માટે તત્કાળ કાર્યવાહી કરી રહી છે. નર્સ અથવા વ્યક્તિગત સહાયતા કર્મચારી (personal support worker-PSW) ની લાંબાગાળાની સારવાર લેતાં નિવાસીઓની સરેરાશ સીધી દૈનિક સારવાર, દિવસમાં ચાર કલાક સુધી વધારવાની યોજના પ્રાંત બનાવે છે. આ વધારાની સેવા આગામી ચાર વર્ષોમાં તબક્કાવાર શરૂ કરાશે અને કેનેડાના પ્રાંતોમાં ઑન્ટેરિયોને અગ્રેસર બનાવશે. હજારો નવા કર્મચારીઓની ભરતી અને તાલીમ સહિત, આ મહત્વાકાંક્ષી યોજના માટે લાંબાગાળાની સારવારના ક્ષેત્રે નોંધપાત્ર ફેરફારોની જરૂર પડશે.

"વૈશ્વિક મહામારીના પ્રથમ દિવસથી જ લોકોનું રક્ષણ કરવું એ અમારી સરકારની સૌથી પહેલી અગ્રતા રહી છે," પ્રધાનશ્રી ફિલીપ્સે જણાવ્યું હતું. "COVID-19 ના આરોગ્યલક્ષી જોખમો અત્યંત ગંભીર રહ્યા છે. બીજા ઉછાળા અને ત્યાર પછીના સમય દરમિયાન લાંબાગાળાની સારવાર લેતાં આપણા પ્રિયજનો અને આપણાં અગ્રહરોળના સ્વાસ્થ્યસેવા વીરો સહિત, લોકોને સુરક્ષિત રાખવા અમે દરેક જરૂરી સંસાધનો ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ."

## સહાયતા

*ઑન્ટેરિયોના એક્શન પ્લાનના ભાગ રૂપે લોકો તથા રોજગાર નિર્માતાઓ માટે સરકાર હવે અંદાજે 13.5 બિલિયન ડૉલરની સંપૂર્ણ સહાય પૂરી પાડી રહી છે.* આ વધારાની રાહત કોવિડ-19 ના બીજા ઊથલા તથા તે પછીના સમયમાં પરિવારો, વરીષ્ઠો, વ્યવસાયો અને કામદારોને સહાય મળી રહે તે સુનિશ્ચિત કરશે.

COVID-19 સબંધી થોડા વધારાના ખર્ચાઓ સરભર કરવામાં મદદરૂપ થવા, વાલીઓ ફરી એકવાર 12 વર્ષની નીચેના પ્રત્યેક બાળક દીઠ 200 ડૉલર તથા 21 વર્ષ અને તેથી ઓછી ઉંમરના સંતાનો અને વિશેષ જરૂરિયાતવાળા યુવાનો માટે 250 ડૉલર મેળવશે. આનો અર્થ એ થાય છે કે ત્રણ નાના સંતાનો, જેમાંથી એક ખાસ જરૂરિયાતોવાળું છે, તેવો એક પરિવાર 2020 માં 1,300 ડૉલર મેળવશે.

વરિષ્ઠોને સુરક્ષિત રાખવા તથા તેઓ વધુ લાંબો સમય પોતાના ઘરોમાં જ રહી શકે તે માટે સરકાર નોંધપાત્ર પગલા લઈ રહી છે. પ્રાંત 2021 ના કર વર્ષ માટે નવા Seniors' Home Safety Tax Credit (વરીષ્ઠોની ગૃહ સલામતી માટે કરવેરાની જમા રકમ) નો પ્રસ્તાવ રજૂ કરે છે, જે 10,000 ડૉલર સુધીના યોગ્ય જીર્ણોદ્ધાર પર 25 ટકા જમા રકમ પૂરી પાડશે. તેમની આવક અને 2021 માટેના બાકી આવકવેરાના દેવાને ધ્યાનમાં રાખ્યા વગર વરીષ્ઠો સુપાત્ર રહેશે. જેમની સાથે વરિષ્ઠ રહેતા હોય તેવા કુટુંબના સભ્યો પણ સુપાત્ર થઈ શકશે.

ઑન્ટેરિયો સરકાર આ અભૂતપૂર્વ સમય દરમિયાન રોજગાર સર્જકોને મદદ કરવા પ્રતિબધ્ધ રહે છે. જ્યાં પ્રાંત નક્કી કરશે કે સુધારેલા તબક્કા 2 ના જાહેર આરોગ્ય પ્રતિબંધો અહીં જરૂરી છે ત્યાં, અથવા આગળ જતાં, કંટ્રોલ અથવા લોકડાઉન તરીકે વર્ગીકૃત થયેલ વિસ્તારોમાં સરકાર સુપાત્ર વ્યવસાયો માટે 300 મિલિયન ડૉલરની રાહત ઉપલબ્ધ કરાવી આપશે. મિલકત વેરા અને ઉર્જા બિલો જેવા નિયત ખર્ચને આવરી લેવામાં એ મદદ કરશે. ઉભરતી જરૂરિયાતો પ્રત્યે પ્રતિભાવ આપતા રહેવા અને ઑન્ટેરિયોના લોકોને સહાયતા આપવાનું ચાલુ રાખવા આગામી બે વર્ષ દરમિયાન Support for People and Jobs Fund (લોકો અને રોજગારોની મદદ માટેના ભંડોળ)માં સરકાર વધારાના 1.8 બિલિયન ડૉલરની સહાય પણ પૂરી પાડી રહી છે.

"કોવિડ -19 વિશ્વભરમાં મંદી લાવ્યું છે અને ઑન્ટેરિયો પ્રાંત પણ એનાથી અછૂતો નથી રહ્યો," પ્રધાનશ્રી ફિલિપ્સે કહ્યું હતું. "એક એવી વ્યક્તિ કે જેણે પોતાની નોકરી ગુમાવી છે તેનું, એક ચિંતાતુર નાના વ્યવસાયના માલિકનું અથવા બે છેડાઓ ભેગા કરવા માટે સંઘર્ષ કરી રહેલા એક કુટુંબનું પ્રતિનિધિત્વ દરેક નકારાત્મક આર્થિક આંકડા કરે છે. વાલીઓ, વરીષ્ઠો અને નાના વ્યવસાયના માલિકો સહિત, જેઓ સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે તેમને, અગાઉ જે પૂરું પાડવામાં આવ્યું છે તેને વધુ મજબૂત કરવા અમે આજે નવો ટેકો આપી રહ્યા છીએ."

## પુનરુત્થાન

*જ્યારે COVID-19 નજીકના ભવિષ્યમાં ઑન્ટેરિયો અને સમગ્ર વિશ્વને અસર કરશે, ત્યારે 2020 Budget વૃદ્ધિના બળ વડે મજબૂત આર્થિક પુનરુત્થાનનો પાયો નાખવાનું શરૂ કરે છે.* જે પણ મજબૂત પુનરુત્થાનથી COVID-19 ને લીધે ઑન્ટેરિયોને પાછળ રાખી શકે તે અંતરાયો દૂર કરતાં, એમાં પહેલ કરવા માટે સરકાર 4.8 બિલિયન ડૉલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે જે હવે રોજગારીમાં મદદ કરશે. સરકાર દ્વારા પ્રસ્તાવિત પ્રમુખ પહેલ પૈકી નોકરી નષ્ટ કરતા વીજળીના ભાવોમાં ઘટાડો, નોકરીઓ પરના વેરાઓમાં છૂટ, ઐતિહાસિક રોકાણ દ્વારા બ્રોડબેન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જોડે સેવાવિહીન અને અપૂરતી સેવા મેળવતા સમુદાયોનો મેળ, અને કામદારો - જેમાં રોગચાળાથી અસરગ્રસ્તો જેવાં કે પર્યટન અને આતિથ્ય માટેના કાર્યકરોનો સમાવેશ થાય છે - તેમને જેમાં ઊંચી માંગવાળી કુશળતાની જરૂર હોય તેવી નોકરી સાથે જોડવામાં મદદ કરવા કૌશલ્ય તાલીમ પૂરી પાડવી વગેરે છે.

રોજગાર સર્જકો માટે કર ઘટાડવા અને સમાન સ્તરનું ક્ષેત્ર આપવા ઊંચા પ્રાંતિય વ્યવસાયિક મિલકત વેરાના દરને 200,000 થી વધુ મિલકતો - અથવા પ્રાંતમાંની બધી વ્યવસાયિક મિલકતોના 94 ટકા માટે 0.88 ટકાના દરે ઘટાડીને સરકાર તાત્કાલિક કાર્યવાહી પણ કરી રહી છે. આનાથી 2021 માં વાર્ષિક બચત 450 મિલિયન ડૉલર થઈ શકે, જે ઘણા રોજગાર દાતાઓ માટે 30 ટકા જેટલો ઘટાડો દર્શાવે છે.

COVID-19 દ્વારા સૌથી વધુ અસરગ્રસ્ત નિયોક્તાઓ માટે વધારાની સહાયતા મેળવી આપવા ઑન્ટેરિયો પ્રાંત એક ડગલું આગળ આવી રહ્યો છે. સરકારે કેટલીક નગરપાલિકાઓ પાસેથી સાંભળ્યું છે કે પોતાના સમુદાયમાં રોજગાર સર્જકોને વધુ લક્ષિત કર રાહત પૂરી પાડવા માટે તેઓને વધારાના સાધનો મળે. નગરપાલિકાઓને નાના ઉદ્યોગો માટે મિલકત વેરો ઘટાડવાની ક્ષમતા પૂરી પાડવાનો અને આ ઘટાડા જેટલા સમાન હિસ્સાનું વિચારવાની પ્રાંતીય પ્રતિબદ્ધતાનો પ્રસ્તાવ રજૂ કરીને ઑન્ટેરિયો સ્થાનિક સરકારોની વિનંતીઓને પ્રતિસાદ આપે છે. તે નગરપાલિકાઓના દત્તકગ્રહણના આધારે, 2022–23 સુધીમાં નાના ઉદ્યોગોને વધુમાં વધુ 385 મિલિયન ડૉલર જેટલી કુલ મ્યુનિસિપલ અને પ્રાંતીય મિલકત વેરામાં રાહત પૂરી પાડશે.

Employer Health Tax (EHT-નિયોક્તા સ્વાસ્થ્ય કર) મુક્તિ 490,000 ડૉલરથી વધારીને 1 મિલિયન ડૉલર જેટલી કાયમી કરવાનો પ્રસ્તાવ મૂકીને પ્રાંત વધારાના 30,000 નિયોક્તાઓ માટે નોકરીઓ પરનો ટેક્સ પણ સમાપ્ત કરી રહ્યો છે. આનાથી ખાનગી-ક્ષેત્રના નિયોક્તાઓને 2021-22માં 360 મિલિયન ડૉલરની બચત થશે જે નોકરીઓ અને વિકાસમાં પુનર્નિવેશ કરી શકાશે. આ વધારાની રાહતથી લગભગ 90 ટકા નિયોક્તાઓ કઈં પણ EHT ચૂકવશે નહીં.

જ્યારે નિયોક્તાઓ ઑન્ટેરિયો પ્રાંતને વ્યવસાય કરવા માટેના સ્થળ તરીકે જોઈ રહ્યા છે, ત્યારે એ તો સ્પષ્ટ છે કે પ્રાંતના વ્યાપારી અને ઔદ્યોગિક વીજળીના ઊંચા ભાવો રોકાણ કરવામાં અવરોધરૂપ છે જેના કારણે તેમાંના કેટલાક અન્ય સ્થળોએ જતા રહે છે. નોન-હાઇડ્રો રિન્યુએબલ એનર્જી ઉત્પાદકો સાથેના ઑન્ટેરિયોના ઊંચા ખર્ચના કરારવાળા નિયોક્તાઓ પરનો ભાર ઘટાડવા, 2020 Budget એક યોજનાની રૂપરેખા આપે છે, જે એકવાર અને બધા માટે સમેટી લેવામાં આવશે. 1 જાન્યુઆરી, 2021 થી શરૂ કરીને, આ કરારોની પડતર કિંમતનો એક ભાગ, જે અગાઉની સરકાર હેઠળ દાખલ થયો હતો, તેને માટે પ્રાંત ભંડોળ પૂરું પાડશે, નહીં કે દર ચૂકવનારાઓ. વીજળી ખર્ચમાં મળતી આ રાહત નાણાં મુક્ત કરશે જેનો રોજગાર નિર્માણ-ખર્ચ માટે સદુપયોગ કરી શકાશે. મધ્યમ કદના અને વિશાળ ઔદ્યોગિક અને વ્યાપારી એકમ ધરાવતા નિયોક્તાઓ 2021 માં શરૂ થતાં તેમના બીલ પર, સરેરાશ, અનુક્રમે 14 અને 16 ટકા બચત કરી શકશે. આનો અર્થ એ છે કે ઑન્ટેરિયો વીજળીના કેટલાક ઓછા સ્પર્ધાત્મક ભાવો તરફથી એવા ભાવો તરફ જશે જે યુનાઇટેડ સ્ટેટ્સના સરેરાશ કરતા પણ વધારે સ્પર્ધાત્મક હશે.

"ઑન્ટેરિયોમાં આપણે બધાં COVID-19 થી ઊગરી જવા પર કેન્દ્રિત છીએ," પ્રધાનશ્રી ફિલીપ્સે કહ્યું હતું. “વૈશ્વિક રોગચાળા સામે હજુ તો પગલાં લઈ રહ્યા હોઇએ ત્યારે ભવિષ્ય વિશે વિચારવું મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ જો આપણે બધા જ પોતપોતાનો ભાગ ભજવીએ, તો આખરે COVID-19 આપણી પાછળ રહી જશે. રોજગાર સર્જન માટે જરૂરી વૃદ્ધિની આડે આવતા અવરોધોને દૂર કરવાની અમારી સરકારની એક જવાબદારી છે. જ્યારે બાકીની દુનિયા પુનરુત્થાન કરી રહી હોય ત્યારે જો ઑન્ટેરિયો પાછળ રહી જાય તો તેની ભોગવવી પડતી કિમ્મતમાત્ર ખૂબ ઊંચી છે. આપણને રાહ જોવાનું પાલવે નહીં.”

*છેલ્લામાં છેલ્લી આર્થિક સંભાવનાઓના આધારે પરિવર્તનક્ષમ મધ્યમ-ગાળાની નાણાકીય યોજનાની રૂપરેખા આપી, 2020 Budget અનિશ્ચિતતાની દુનિયા વચ્ચે પારદર્શિતા પૂરી પાડે છે.* તે આર્થિક પુનરુત્થાનની ગતિને આધારે પ્રાંતનો રાજકોષીય દૃષ્ટિકોણ કેવી રીતે બદલાઈ શકે છે તેનું નિદર્શન કરી વૈકલ્પિક દૃશ્યો પણ રજૂ કરે છે. સરકાર 2020–21 માટે 38.5 બિલિયન ડૉલરની ખાધ અંદાજે છે, જે 2020–21 First Quarter Finances (2020–21 ના પહેલા ત્રણ મહિનાની જોગવાઈ) વખતે થયેલ ખાધની આગાહીથી યથાવત છે અને COVID-19 સામેની લડત માટે જરૂરી તાકીદના ખર્ચને પ્રતિબિંબિત કરે છે. મધ્યમ ગાળા દરમિયાન, સરકાર 2021–22 માં 33.1 બિલિયન ડૉલર અને 2022–23માં 28.2 બિલિયન ડૉલરની સતત ઘટતી જતી ખાધની આગાહી કરી રહી છે. *વૈશ્વિક રોગચાળાની સતત અનિશ્ચિતતાને સ્વીકારતા, સરકાર 2021 Budget (2021 નું બજેટ) માર્ચ 31, 2021 સુધીમાં સંતુલિત કરવાના માર્ગ સહિતની બહુ-વર્ષીય યોજના રજૂ કરવાની યોજના કરે છે.*

## *ઑન્ટેરિયોના એક્શન પ્લાનની વિશિષ્ટતાઓ: સુરક્ષા, સહાય, પુનરુત્થાન:*

**સુરક્ષા**-COVID-19 સામે સરકારના તાકીદના પ્રતિસાદ માટે, 7.5 બિલિયન ડૉલર સહિતના નવા ભંડોળ સહિત, 15.2 બિલિયન ડૉલર. નવું ભંડોળ નીચેની વિશિષ્ટતાઓ ધરાવે છે:

- ચાર વર્ષના ગાળા દરમિયાન નર્સ અથવા પર્સનલ સપોર્ટ વર્કર (PSW) પાસેથી લાંબાગાળાની સરેરાશ સીધી દૈનિક સારવાર મેળવતા નિવાસી દીઠ દિવસમાં ચાર કલાક સુધી વધારો કરી, આપણા વરીષ્ઠોની સુરક્ષા કરવામાં ઑન્ટેરિયોને કેનેડિયન પ્રાંતોમાં અગ્રેસર બનાવે છે.
- લોકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાની સમર્પિત સહાય આપવામાં અને COVID-19 રોગચાળા સામેની લડતને સમર્થન આપવા 2021–22 માં 4 બિલિયન ડૉલર અને 2022–23 માં વધુ 2 બિલિયન ડૉલર ઉપલબ્ધ કરાવે છે.
- નવા ઈમરજન્સી રૂમ, અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક ઇમેજિંગ અને ઓપરેટિંગ રૂમ સાથે નવી Cortellucci Vaughan Hospital site ખોલે છે. 30 વર્ષની અંદર ઑન્ટેરિયોમાં નવનિર્મિત હોસ્પિટલ ખુલવામાં આ પહેલી છે જે આરોગ્ય વ્યવસ્થામાં તદ્દન નવા અવકાશનો ઉમેરો કરે છે.

**સહાયતા**-જેમાં લોકો અને નોકરીઓને વધારાની સહાય માટે 2.4 બિલિયન ડૉલરનો સમાવેશ થાય છે તેવી, 13.5 બિલિયન ડૉલર જેટલી. નવું ભંડોળ નીચેની વિશિષ્ટતાઓ ધરાવે છે:

- ભણનારાઓ માટે મદદની પહેલ (Support for Learners initiative) દ્વારા, માર્ચમાં 378 મિલિયન ડૉલરના ભંડોળને અનુલક્ષી 12 વર્ષ સુધીના બાળક દીઠ 200 ડૉલર તેમજ 21 વર્ષ સુધીના સંતાનો તથા ખાસ જરૂરિયાતવાળા યુવાનો માટે 250 ડૉલરના, ચુકવણીના આ બીજા એક અનુક્રમ દ્વારા વાલીઓને 380 મિલિયન ડૉલર પ્રદાન કરે છે. COVID-19 ને કારણે થનારા વધારાના ખર્ચાઓ, જેમ કે ઓનલાઇન ભણવાની ટેક્નોલૉજીમાં એ મદદ કરશે. આનો અર્થ એ થાય છે કે ત્રણ નાના સંતાનો, જેમાંથી એકને ખાસ જરૂરિયાતો હોય, તેવો એક પરિવાર શૈક્ષણિક સાધનો અને ટેક્નોલૉજી સંબંધિત ખર્ચાઓમાં મદદરૂપ થવા 2020 માં 1,300 ડૉલર મેળવશે.
- વરિષ્ઠોના ઘરોને વધુ સુરક્ષિત અને વધુ સુલભ બનાવી પોતાના ઘરોમાં જ વધુ લાંબો સમય રહેવામાં મદદ કરવા-10,000 ડૉલર સુધીના યોગ્ય જીર્ણોદ્ધાર પર 25 ટકા જમા રકમ આપવા-2021 ના કર વર્ષ માટે નવા Seniors' Home Safety Tax Credit નો પ્રસ્તાવ રજૂ કરે છે. તેમની આવક અને 2021 માટેના બાકી આવકવેરાના દેવાને ધ્યાનમાં રાખ્યા વગર વરીષ્ઠો સુપાત્ર રહેશે. તેમની સાથે રહેતા અને તેમને મદદ કરનારા કુટુંબના સભ્યો પણ યોગ્યતા ધરાવે છે.
- વર્તમાન પ્રોગ્રામને વિસ્તૃત કરવા અને નવો આર્થિક સશક્તિકરણ પ્રવાહ નિર્મિત કરવા બ્લેક યુવાનો માટેના એક્શન પ્લાન (Black Youth Action Plan) માં, 2020–21 થી શરૂ થતાં ત્રણ વર્ષના ગાળામાં તેના પાયારૂપ ભંડોળને બમણું કરતું વધારાનું 60 મિલિયન ડોલરનું રોકાણ કરે છે જે બ્લેક યુવાનોને સામાજિક અને આર્થિક સફળતા પ્રાપ્ત કરવામાં સહાય કરશે.
- રોગચાળાને કારણે નોંધપાત્ર નાણાકીય તાણ અનુભવી રહેલાં સમુદાય-પર્યટન, સાંસ્કૃતિક અને રમતગમતના સંગઠનોને સમર્થન આપવા Community Building Fund (સમુદાય નિર્માણ ભંડોળ) માટે બે વર્ષના ગાળામાં 100 મિલિયન ડૉલરનું રોકાણ કરે છે.
- COVID-19 ના પરિણામે થતા ઓપરેટિંગ નુકસાનને પહોંચી વળવા ઑન્ટેરિયોની કળા સંસ્થાઓ માટે 25 મિલિયન ડૉલરનું એકવારનું કટોકટી ભંડોળ પૂરું પાડે છે.
- ઉભરતી જતી આવશ્યકતાઓ પ્રત્યે પ્રતિભાવ આપતા રહેવા અને ઑન્ટેરિયોના લોકોને સહાયતા આપવાનું ચાલુ રાખવા આગામી બે વર્ષ, 2021–22 અને 2022–23, દરમિયાન Support for People and Jobs Fund માં વધારાના 1.8 બિલિયન ડૉલરની જોગવાઈ કરે છે.

**પુનરુત્થાન**-આર્થિક વૃદ્ધિના બળ વડે મજબૂત પુનરુત્થાન માટે પાયો તૈયાર કરવા 4.8 બિલિયન ડૉલરની નવી સહાય. નીચેની વિશિષ્ઠતાઓનો ધરાવે છે:

- સમગ્ર પ્રાંતના સમુદાયો જોડાયેલા રહે તે સુનિશ્ચિત કરવા બ્રોડબેન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં આવતા ચાર વર્ષના ગાળામાં 680 મિલિયન ડૉલરથી વધુના વધારાના રોકાણો કરે છે જે, તેની અગાઉની પ્રતિબદ્ધતાઓ સાથે જોડતા, ઑન્ટેરિયોના રોકાણમાં ઐતિહાસિક લગભગ 1 બિલિયન ડૉલર સુધીનો વધારો કરે છે.
- નોકરી નષ્ટ કરતા વીજળીના ઊંચા ભાવો સુધારવાની સર્વગ્રાહી યોજનાથી મધ્યમ કદના અને તેથી મોટા ઔદ્યોગિક અને વ્યાપારી નિયોક્તાઓને તેમના વીજળી બીલો પર (ત્રણ વર્ષના ગાળામાં 1.3 બિલિયન ડૉલરના વધારાના ખર્ચે), સરેરાશ, અનુક્રમે લગભગ 14 અને 16 ટકાની બચત કરાવી, ઑન્ટેરિયોમાં વધુ રોજગારો લઈ આવે છે.
- 200,000 થી વધુ નિયોક્તાઓ, અથવા ઑન્ટેરિયોમાં આવેલી બધી વ્યાવસાયિક મિલકતોના 94 ટકા માટે, Business Education Tax (BET-વ્યવસાય શિક્ષણ કર) ના દરો, 0.88 ટકા પર નીચે લાવી રોજગાર સર્જકો પર મિલકત વેરો ઘટાડે છે અને તેમના ક્ષેત્રને સમાન સ્તરે લાવે છે. એ તાત્કાલિક વાર્ષિક બચતમાં 450 મિલિયન ડૉલરનું નિર્માણ કરે છે અને ઘણાં વ્યવસાયો જે હાલમાં પ્રાંતમાં સૌથી વધુ BET દરને આધિન છે તેમને માટે 30 ટકાનો ઘટાડો દર્શાવે છે.

- નગરપાલિકાઓને નાના ઉદ્યોગો માટે મિલકત વેરો ઘટાડવાની ક્ષમતા પૂરી પાડવાનો અને આ ઘટાડા જેટલા સમાન હિસ્સાનું વિચારવાની પ્રાંતીય પ્રતિબદ્ધતાનો પ્રસ્તાવ રજૂ કરીને સ્થાનિક સરકારોની વિનંતીઓને પ્રતિસાદ આપે છે. નગરપાલિકાના દત્તકગ્રહણના આધારે, આ 2022–23 સુધીમાં નાના ઉદ્યોગોને વધુમાં વધુ 385 મિલિયન ડૉલર જેટલી કુલ મ્યુનિસિપલ અને પ્રાંતીય મિલકત વેરા રાહત પૂરી પાડશે.
- Employer Health Tax (EHT) મુક્તિ 490,000 ડૉલર થી વધારીને 1 મિલિયન ડૉલર કાયમી કરવાનો પ્રસ્તાવ મૂકીને વધારાના 30,000 નિયોક્તાઓ માટે નોકરીઓ પરનો ટેક્સ સમાપ્ત કરી રહ્યો છે. આશરે 90 ટકા નિયોક્તાઓ આ વધારાની રાહતથી કઈં પણ EHT ચૂકવશે નહીં, તેથી તેઓને વર્ષ 2021–22 માં 360 મિલિયન ડૉલરની બચત કરાવશે જે નોકરીઓ અને વિકાસમાં પુનર્નિવેશ કરી શકાશે.
- 2021, Ontario staycation (ઑન્ટેરિયો સ્ટેકેશન વર્ષ, 2021) માં ઑન્ટેરિયોનું સલામત રીતે અન્વેષણ કરવા માટે પ્રોત્સાહન આપવા સુપાત્ર ઑન્ટેરિયો પર્યટન ખર્ચમાં ઑન્ટેરિયોના રહેવાસીઓને 20 ટકા સુધીનો ટેકો પૂરો પાડવા પ્રતિબદ્ધ છે.
- 3 વર્ષમાં 180.5 મિલિયન ડૉલરના કૌશલ્યયુક્ત રોજગાર વ્યૂહરચનાનો સમાવેશ કરતા રોકાણથી, કૌશલ્ય તાલીમ માટે Employment Ontario દ્વારા ફરીથી ઘડાયેલા બીજી કારકિર્દીના કાર્યક્રમ (Second Career program) માટે વધારાના 100 મિલિયન ડૉલરના સમર્પિત રોકાણોથી, અને વધુ-માંગ ધરાવતા કૌશલ્યો પ્રાપ્ત કરવા 59.5 મિલિયન ડૉલરના રોકાણથી પર્યટન અને આતિથ્યક્ષેત્રના ક્ષેત્રમાં કામ કરતા કામદારો અને અન્યો જે રોગચાળાથી સૌથી વધુ અસરગ્રસ્ત છે તેમનો તાલીમ અને નોકરીઓ સાથે મેળ કરી આપે છે.
- Ontario Onwards Acceleration Fund (ઑન્ટેરિયો આગેકૂચ પ્રવેગ ભંડોળ) દ્વારા સરકારી સેવાઓ વધુ વિશ્વસનીય, અનુકૂળ અને સુલભ બનાવવા ચાર વર્ષના ગાળામાં 500 મિલિયન ડૉલર પૂરા પાડે છે.

## હકીકતોનો સારાંશ

- જૂન મહિનાથી, ઑન્ટેરિયોમાં રોજગાર 838,000 કુલ નોકરીઓ સુધી વધ્યા છે અને, સપ્ટેમ્બરમાં, ફેબ્રુઆરી 2020ના સ્તરના 95.8 ટકાએ રોજગાર પહોંચ્યા હતા.
- ઑન્ટેરિયોનો વાસ્તવિક જીડીપી 2020 માં 6.5 ટકા સુધી નીચો જશે અને 2021 માં 4.9 ટકા સુધી ઉપર આવવાનો અંદાજ છે. 2023 માં 2.0 ટકાની વૃદ્ધિએ મધ્યસ્થ કરતા પહેલા 2022 માં વાસ્તવિક જીડીપીમાં 3.5 ટકાનો વધારો થવાની સંભાવના સાથે, ઑન્ટેરિયોની આર્થિક વૃદ્ધિ 2021 પછી ચાલુ રહેવાની ધારણા છે.
- *The Fiscal Sustainability, Transparency and Accountability Act, 2019 (FSTAA) અનુસાર જો બહુ-વર્ષીય નાણાકીય યોજનાના અંતિમ વર્ષમાં સંતુલિત બજેટની સંભાવના ન હોય તેવા સંજોગોમાં સરકારે પુનરુત્થાન યોજના પ્રકાશિત કરવી જરૂરી છે.* આ કાયદો સુગમતા માટેની આવશ્યકતાને પણ માન્ય રાખે છે અને બદલાતા સંજોગો પ્રમાણે પ્રતિસાદ આપવાની ક્ષમતા પૂરી પાડે છે. *COVID-19 ના રોગચાળા સાથે સંકળાયેલ સતત અને અભૂતપૂર્વ અનિશ્ચિતતા તેમજ જોખમોને ધ્યાનમાં લઈ, 2020 ના બજેટમાં પુનરુત્થાન યોજના સામેલ કરવાની જરૂરિયાતને સ્થગિત કરવા સરકાર FSTAA માં સુધારાની દરખાસ્ત કરી રહી છે.*
- ઑન્ટેરિયો પ્રાંત રાજકોષીય દૃશ્ય જાહેર કરવામાં કેનેડાની અંદર પ્રથમ અધિકારક્ષેત્ર હતું જેણે પોતાના 25 માર્ચ, 2020 ના ઑન્ટેરિયોના એક્શન પ્લાનમાં COVID-19 કટોકટીના પ્રભાવોને પ્રતિબિંબિત કર્યા હતા: *COVID-19 ને પ્રતિસાદ* આપવો.

## વધારાના સંસાધનો

*ઑન્ટારિયોનો એક્શન પ્લાન: સુરક્ષા, સહાય, પુનરુત્થાન*

માહિતી લેખ સુરક્ષા-તાકીદનો COVID-19 પ્રતિસાદ

માહિતી લેખસહાયતા-લોકો અને નોકરીઓને સહાય

માહિતી લેખપુનરુત્થાન-વૃદ્ધિ માટે સંજોગો ઊભા કરવા

માહિતી લેખઑન્ટેરિયોની નાણાકીય બાબતોનું જવાબદારીપૂર્વક અને પારદર્શક સંચાલન

માહિતી લેખ *ઑન્ટેરિયોના એક્શન પ્લાન ની વિશિષ્ટતાઓ:*સુરક્ષા, સહાય, પુનરુત્થાન

ઑન્ટેરિયો ઇકોનોમિક એકાઉન્ટ્સ - 2020 નું બીજું ક્વાર્ટર

*ઑન્ટેરિયોનો એક્શન પ્લાન: COVID-19ને પ્રતિસાદ આપવો*